| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૧–૧૧–૨૦૧૮ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૧–૧૧–૨૦૧૮ |
| ફેંસલ તારીખ | ૦૯–૦૭–૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૫ ૦૮ ૦૮ |

**મહે. ૭ માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબરઃ – ૧૦૦૧૪૭/૨૦૧૮** | |
| **આંકઃ – 14** | |

**ફરીયાદી :– શ્રી સરકાર**

(મુળ ફરીયાદીઃ–અલ્પેશભાઇ કનુભાઇ દેસાઇ)

**–– વિરૂધ્ધ ––**

**આરોપી :– (૧) અતુલભાઇ ઉર્ફે કાળીયો બળદેવભાઇ રબારી,**

**(૨) વિપુલ બળદેવભાઇ રબારી,**

બંને રહે.મ.નં.૧૫૪૦, સૈયદનું ડહેલુ, દોલતખાના, સારંગપુર,અમદાવાદ.

**ગુન્હોઃ–આઇ.પી.સી.કલમ – ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૧), ૧૧૪ મુજબ.**

| |
|---|
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી..શ્રી કે.એસ.ચૌધરી |
| આરોપી તરફે વિ.વ.શ્રી ડી.ડી.પટેલ |

## ચુકાદો

**(૧)..**આ કામે ફરીયાદપક્ષનાં કેસની હકીકત એવી છે કે,આ કામનાં ફરીયાદીએ તા.૨૪–૦૪–૨૦૧૮ નાં રોજ ખાડીયા પો.સ્ટે. રૂબરૂ આવી ફરીયાદ હકીકત જાહેર

કરેલ કે,તા.૨૪–૦૪–૨૦૧૮ નાં રોજ બપોરે બાર વાગ્યે તેઓ સારંગપુર ખાતે આવેલ ભવાની ટી–સ્ટોલ ઉપર ચા પીતા હતા, આ વખતે આ કામનાં આરોપીઓ બંને જણા તેઓની પાસે આવેલ અને આરોપી નં.૨.નાએ ફરીયાદીને કહેલ કે કેમ મારી વિરૂધ્ધમાં અરજી કરેલ છે તેમ કહી તેઓની સાથે ઝઘડો કરવા લાગેલ અને આ બંને આરોપીઓએ તેઓને ખરાબ ગાળો બોલી, ગડદાપાટુનો માર મારવા લાગેલ, આ વખતે આજુબાજુનાં માણસો વચ્ચે પડીને છોડાવેલ અને આ કામનાં આરોપી નં.૧.નાએ જતા જતા ફરીયાદીને કહેલ કે આજ પછી મારા વિરૂધ્ધમાં અરજી કરી તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી અને ઝપાઝપીમાં ફરીયાદીનો મોબાઇલ તુટી ગયેલ અને હાલની ફરીયાદ લખાવેલ. આથી પોલીસ દ્વારા એફ.આઇ.આર. નોંધી આઇ.પી.સી.કલમ – ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૧), ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ કરેલ.

(૨) પોલીસ દ્વારા ફરીયાદ અન્વયે તપાસ કરી સી.આર.પી.સી. કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ અત્રેની કોર્ટમાં આરોપી સામે રજુ કરેલ. જેના આધારે આ ગુન્હાનું કોગ્નીઝન્સ લઇ આરોપી સામે ઇ.પી.કો.કલમ– આઇ.પી.સી.કલમ – ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૧), ૧૧૪ મુજબનાં તહોમતનો જવાબ દેવા સમન્સ કરવામાં આવેલ, જે અન્વયે આરોપી કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આપવામાં આવેલી. ત્યારબાદ આરોપી સામે આંક–૦૨ મુજબ ગુન્હાનું તહોમત ફરમાવી, આંક–૦૩ તથા આંક–૦૪ લગત પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જેમા આરોપીઓએ ગુનો કબુલ ન હોવાનુ જણાવતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે તેના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**ફરીયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવોઃ–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ દિનેશકુમાર વનાજી રાજપુતની સોગંદ પર જુબાની | ૦૫ |
| ૨. | પંચસાહેદ પરેશભાઇ વેલાભાઇ દેસાઇની સોગંદ પર જુબાની | ૦૬ |

| | | |
|---|---|---|
| ૩. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૦૭ |
| ૪. | ફરીયાદી અલ્પેશ કનુભાઇ દેસાઇની સોગંદ પર જુબાની | ૦૯ |
| ૫. | ફરીયાદની નકલ | ૧૦ |
| ૬. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૧૧ |
| ૭. | ત.ક.અ.કીરીટકુમાર હેમરાજભાઇ ચૌધરીની સોગંદ પર જુબાની | ૧૩ |

આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૧૨ થી ક્લોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ ની જોગવાઇ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમા આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું જણાવેલ છે તથા અન્ય હકીકત અંગે ઇન્કાર કરેલ છે તેમજ બચાવના સાહેદો તપાસવાના તથા સોગંદ ઉપર જુબાની આપવાની ઇન્કારી કરી,વિશેષમાં જણાવેલ છે કે, તેઓની ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે અને તેઓને ફરીયાદી સાથે સમાધાન થઇ ગયેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક કેસનાં રેકર્ડ મુજબ રજુઆતો કરેલ છે અને આરોપીને દોષિત ઠરાવવા અરજ કરેલ છે તથા આરોપી તરફે તેના વિ.વ.શ્રીએ બચાવમાં દલિલ કરી એવુ જણાવેલ છે કે,આરોપી સામેનાં તહોમત મુજબનો કેસ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

(૬) હાલનાં કેસની હકીકત, ફરીયાદપક્ષનો પુરાવો, કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**//મુદ્દા//**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત વ્યાજબની શંકાથી પર એ હકીકત સાબીત કરે છે કે, આ કામનાં આરોપીએ તા.૨૪–૦૪–૨૦૧૮ નાં રોજ બપોરનાં બાર વાગ્યે ફરીયાદી સારંગપુર ભવાની ટી સ્ટોલ પાસે ચા પીતા હોય ત્યારે

ફરીયાદી સાથે અરજી બાબતે બોલાચાલી કરી, ઝઘડો કરી, ગાળા–ગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી અને ઝપાઝપીમાં ફરીયાદીનો મોબાઇલ તુટી જતા નુકશાન કરી આઇ. પી. સી. કલમ – ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૧), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ.

## // કારણો //

(૮) **મુદ્દા નં.૧**

(૮.૧) ઉપરોક્ત હકીકતે ફરીયાદપક્ષે તેનો કેસ સાબીત કરવા આ કામે મહત્વનાં સાક્ષી મુળ ફરીયાદી અલ્પેશભાઇ કનુભાઇ દેસાઇને આંક–૦૯ થી તપાસવામાં આવેલ છે,તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૨૦૧૮ માં બનેલો. તે વખતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કઇ બનેલ નહી. બનાવની હકીકત વિશે તેઓ કઇ જાણતા નથી. બનાવ ક્યારે, કેવી રીતે બનેલો તે તેઓ કહી શકે નહી. બનાવની ફરીયાદ તેઓએ પો.સ્ટે.માં આપેલી. જે ફરીયાદ તેઓને બતાવતા તેમા પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૦ થી પુરાવામાં રજુ રાખેલ છે.

વિ.એ.પી.પી.શ્રી દ્વારા મુળ ફરીયાદી ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા ન હોય તેથી ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા તે મંજુર કરી ઉલટતપાસનાં સવાલ પુછવા પરવાનગી આપવામાં આવેલ,ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ તેમા પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે,આરોપીઓએ તેઓને ગાળોબોલી ઝઘડો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, આરોપી સાથે

તેઓને રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે.

આમ, આ કામનાં ભોગ બનનાર મુળ ફરીયાદીની કોર્ટ રૂબરૂની જુબાની જોઇએ તો આંક–૧૦ વાળી ફરીયાદ પુરવાર થતી નથી કારણ કે બનાવનો ભોગ બનનાર મુળ ફરીયાદી જ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, તેઓની જુબાની ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થઇ શકતી નથી.

(૮.૨) ફરીયાદપક્ષે આ કામે સાહેદ દિનેશકુમાર વનાજી રાજપુતને આંક–૦૫ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા તે મંજુર કરી ઉલટતપાસનાં સવાલ પુછવા પરવાનગી આપવામાં આવેલ,ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ તેમા પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી.

(૮.૩) ફરીયાદપક્ષે આ કામે પંચસાહેદ પરેશકુમાર વેલાભાઇ દેસાઇ કે જેઓ ગુન્હાવાળી જગ્યાનાં પંચસાહેદ છે તેઓને આંક–૦૬ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની જુબાનીમાં ગુન્હાવાળી જગ્યાનાં પંચનામામાં પંચ નં.૧. તરીકે પોતાની સહી ઓળખી બતાવી આંક–૦૭ થી પુરાવામાં રજુ કરેલ છે, ત્યારબાદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા તે મંજુર કરી ઉલટતપાસનાં સવાલ પુછવા પરવાનગી આપવામાં આવેલ,ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ તેમા પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી.

(૮.૪) ફરીયાદપક્ષે આ કામે સાહેદ કિરીટકુમાર હેમરાજભાઇ ચૌધરી કે જેઓ ફરીયાદપક્ષનાં તપાસ કરનાર અધિકારી છે તેઓને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૨૪–૦૪–૨૦૧૮ નાં રોજ તેઓ ખાડીયા પો.સ્ટે.માં પો.સ.ઈ. તરીકે ફરજ પર હાજર હતા. તે વખતે સેકન્ડ ગુન્હા રજી.નં.૩૦૬૨/૨૦૧૮,ઇ.પી.કો.કલમ–૩૨૩, ૫૦૬(૧) વિગેરે

મુજબની ફરીયાદ લખી લઇ, આગળની તપાસ તેઓએ સંભાળી લઇ, પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લઇ, લાગતા−વળગતા સાહેદોનાં નિવેદન નોંધી લઇ, આરોપી સામે પુરતો પુરાવો જણાતા આરોપીને અટક કરી, નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસમાં જનરલ ડિનાઇલ લેવામાં આવેલ છે.

આમ, આ સાહેદની જુબાની જોઇએ તો તેઓ બનાવનાં નજરે જોનાર સાહેદ નથી તેમજ તપાસ દરમ્યાન જે સાહેદોનાં નિવેદનનાં આધારે ચાર્જશીટ કરેલ છે તેઓ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા નથી. આ સાહેદની જુબાનીમાં માત્ર એટલુ પુરવાર થાય છે કે સદર ગુન્હાની તપાસ તેઓએ કરેલ, પરંતુ તેનાથી તે ફરીયાદમાં લખેલ હકીકત ખરી હોવાનુ પુરવાર થતુ નથી.

(૯) આમ, ઉપરોક્ત વિગતે આ કામે રજુ થયેલ પુરાવો જોતા, ફરીયાદપક્ષનાં કેસ મુજબ આરોપી દ્વારા કોઇ ગુનો કરેલ હોય તેવુ ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી કારણ કે આ કામનાં મહત્વનાં સાહેદ એવા ફરીયાદી તથા સાહેદો બનાવ હકીકતને સમર્થન કરતા નથી તેમજ આંક−૦૮ થી બંને પક્ષકારો તરફે સમાધાન પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, તેઓને સમાધાન થઇ ગયેલ છે અને સદર કેસમાં તેઓ વચ્ચે કોઇ તકરાર રહેતી નથી તેમ જાહેર કરી આંક−૧૨ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લઇએ તો આરોપી સામેનાં તહોમત મુજબની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ અન્ય પુરાવો જોતા પણ તેનાથી આરોપી સામેનાં તહોમત મુજબનો ગુનો બન્યાનું સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આ કામનાં મુળ ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી તથા અન્ય કોઇ સમર્થનકારી પુરાવો નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષનાં કેસ મુજબનો બનાવ બન્યાનું માની શકાય તેમ નથી. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨</u>**

(૧૦)ઉપરોક્ત મુદ્દા નં.૧ નો નિર્ણય કેસ હકીકતને, કાયદાકીય જોગવાઇ, રજુઆતો ઘ્યાને લઇ આ કામે ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો

હુકમ કરવામાં આવે છે.

**આખરીહુકમ**

**૧.** આ કામનાં આરોપી**(૧)અતુલભાઇ ઉર્ફે કાળીયો બળદેવભાઇ રબારી(૨) વિપુલ બળદેવભાઇ રબારી** નાઓને આઇ.પી.સી. કલમ- **૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૧), ૧૧૪** મુજબનાં ગુન્હાનાં તહોમતમાંથી સી.આર.પી.સી. કલમ- ૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવેલ છે.

**૨.** ફોજદારી કાર્યરીતી સંહિતા(સુધારેલ)માં ઉમેરાયેલ કલમ-૪૩૭(એ) ની જોગવાઇ ધ્યાને લેતા આરોપીએ રજુ રાખેલ જામીન તથા જામીનખત આ ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રહેશે અને બાદ આપો-આપ રદ થયેલ ગણવામાં આવશે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૯/૦૭/૨૦૨૪

**(સંદિપસિંહ જી. ડોડિયા)**
૭માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર.
યુનિક આઇ.ડી. જી.જે.૦૦૯૦૨